પૈસા સીરીઝ—મણુકો ૩ જો.

કપટી-કપિલા.

કર્તા તથા છપાવી પ્રસિદ્ધ કરનાર,
હીરાલાલ વર્દ્ધમાન શાહ.
ભીંડીબજાર, વોરાનો માળો, મુંબઈ નં. ૯.

સને ૧૯૧૪—૧ પૈસો—પ્રત ૧૦૦૦૦.

ધર્મ વિજય પ્રેસ, પાયધુની નં. ૫૭૨—મુંબઈમાં
હરજીવન ભગવાને છાપ્યું.

કપટી-કપિલા.

વિશ્વાસ ઘાત.

" ખિદિરપુરમાં ગંગાના કિનારાપર રાજમહાલયના જેવી એક મોટી હવેલી ઉભી કરેલી છે. તેની ચારે તરફ અનેક ફળ ફુલનાં ઝાડોથી શોભતો એક બગીચો બનાવેલો છે અને બગીચાની ચારે તરફ આસપાસ પત્થરની ઉંચી દીવાલ ચણી લીધેલી છે, એ દીવાલની પાસે સર્વત્ર દેવદાર અને તમાલના ઝાડો ઉભેલાં જોવામાં આવે છે. મારા પિતાએ બહુજ પ્રેમથી એ મકાનનું નામ ' આનંદ કુટીર ' રાખ્યું હતુ અને અદ્યાપિ તેજ નામથી ઓળખાય છે, " મનોરમાએ કાલી બાબુને જણાવ્યુ.

" વારૂ-ત્યારે તમારાં ત્રણમાંથી જે મરી ગઇ છે, તે તમારી બ્હેન કપિલા નથી એમ સમજીને જ મારે કામ ચલાવવું પડશે. તમારી બ્હેનને મરી ગયાને કેટલોક વખત થયો હશે ? " કાલીબાબુએ સવાલ કર્યો.

" જે વેળાએ મને ગાંડી બનાવીને ડોકટરને ત્યાં કેદ કરવામાં આવી, તેથી પદર દિવસ પહેલાં તે મરી ગઇ હતી, " મનોરમાએ કહ્યું.

" તેનું મરણ કયાં થયું હતું ? " કાલીબાબુએ પૂછ્યુ.

" આનંદ કુટીરમાં જ. " મનોરમાએ જવાબ આપ્યો.

" કયા રોગથી ? " પાછો સવાલ પછ્યો.

" જે રોગથી રામગુલામનું મરણ થયું હતું તે જ રોગથી."

" મરકીના રોગથી ? " કાલીબાબુએ નક્કી જાણી લેવા માટે પૂછ્યું.

" નહિ, ઝેરથી. જ્યારે મારી બ્હેનનો સ્વર્ગવાસ થયો, તે વેળાએ હું ખિદિરપુરમાં મારી માલમિલ્કતને મેળવવાના પ્રયત્નમાં ગુંથાયલી હતી અમારા એક વકીલ હતા અને મારા પિતાના કોર્ટ-માંના કજીયા અને મુકર્દમાઓ તે જ ચલાવતા હતા, એટલે મેં તેમ-ને જ મારો બધો વૃત્તાંત કહી સંભળાવીને મારી મિલ્કત મને પાછી અપાવવા માટેની વિનતી કરી હતી. મારી આવી કર્મ કથા સાંભ-ળીને તેમણે ઘણો જ ખેદ દર્શાવ્યો અને મારા લાભ માટે પોતાથી બનતા પ્રયત્નો કરવાનું મને વચન આપ્યું. તેમણે મને એટલો બધો વિશ્વાસ જણાવ્યો કે, મારો તો એવો જ નિશ્ચય થઇ ગયો કે મારા માટે તેઓ આકાશ અને પાતાળને એક કરી નાંખશે. એ પછી તેમણે જ મને એક ગાંડી સ્ત્રી તરીકે જાહેર કરીને ડોકટરના ઘરમાં કેદ કરાવી દીધી. " મનોરમાએ આંખોમાંથી આંસુ વર્ષાવીને પો-તાની એ કથા કહી સંભળાવી.

" વારુ, સમજ્યો એ વકીલ તમારા દુશ્મનના પક્ષમાં હોવો જોઇએ. કેમ ખરૂંને? એ વકીલનું નામશું છે ? " કાલીબાબુએ પૂછ્યું.

" હરી બાબુના નામથી તેઓ ઓળખાય છે " મનોરમાએ ઉત્તર આપ્યો.

" વારૂ, એની પણ હું સારી રીતે ખબર લઇશ. પણ તમને ગાંડી કહેવાનું અથવા બનાવવાનું વિશેષ કારણ શું હતું વારૂ ? કાલી-બાબુએ પૂછ્યું.

" આ બાબતમાં માત્ર એક વાત ઉપરાંત બીજું મારાથી કાંઇ પણ કહી શકાય તેમ નથી. તે વાત એ છે કે, કેટલાક કાગળો અંગ્રેજી ભાષામાં લખીને વકીલ સાહેબે મારા હાથમાં આપ્યા અને તે આનંદ કુટીરમાં લઇ જવા માટેનો મને હુકમ ફરમાવ્યો વળી તેમણે એમ જણાવ્યું કે એ કાગળિયામાં માલમિલકતની બાબતની ઘણીક વાતો લખેલી છે. હું તેમના હુકમ પ્રમાણે તે કાગળો આનંદ કુટીરમાં લઇ ગઇ. પણ એ કાગળોને જોઇને બધા મારી હાંસી કરવા લાગ્યા, " મનોરમાએ જણાવ્યું.

" વારૂ, પછી શું થયું ? " કાલીબાબુએ સવાલ કર્યો.

" એ કે, એ બાબતનો વિચાર કરીને ફેંસલો કરવામાં આવશે. એવો ઠરાવ કરવામાં આવ્યો " મનોરમાએ કહ્યું.

" વિચાર માટે કયું સ્થાન નક્કી કરવામાં આવ્યું હતું ? " કાલી-બાબુએ મૂછોપર હાથ ફેરવીને પૂછ્યું.

" વિચાર કરીને ફેંસલો કરવાવાળા મેજીસ્ટ્રેટને એ આનંદ કુટીર-માંજ બોલાવવામાં આવનાર હતો, " મનોરમાએ કહ્યું.

" એ વાત પણ હવે મારા સમજવામાં આવી ગઇ. તમારા વકીલે જ તમને ઉંડા ખાડામાં ધકકેલી દીધાં હતાં; એમાં તો હવે જરા પણ શક રહ્યો નથી કે, તે વકીલ કોઇ ભારે ઠગ જ હોવો જોઇએ. તેણે પ્રથમથીજ તમને ઠગવાની શરૂઆત કરી હતી. વારૂ, ભલા પછી ફેંસલો શો થયો ? શું એટલામાં જ તમારી બ્હેન ન-રજીનો સ્વર્ગવાસ થઇ ગયો કે ? " કાલીબાબુએ બે સવાલ સા-જ પૂછ્યા.

" જી હા એમ જ થયું, " મનોરમાએ ટુંકમાંજ પતાવ્યું.

" વારૂ, ત્યારપછી શો બનાવ બન્યો ?" કાલીબાબુએ પૂછ્યુ.

" ત્યાં બે પુરૂષ બેઠા હતા અને મનમાં હું એમ જ સમજતી હતી કે એ જ મેજીસ્ટ્રેટ હોવા જોઇએ. મે તેમને મારો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. મારો વકીલ પણ એ વખતે ત્યા જ હાજર હતો, તેણે ધીમે ધીમે કોણ જાણે તેમના કાનમાં કાંઇક વાત કહી. પહેલાં તો મારો એવોજ નિશ્ચય થયો કે, એ તેમને મારા વિશે જ-કાંઇ ભલામણ કરતો હશે. પરતુ તે જ ક્ષણે મારી એ ધારણા મને ખોટી પડેલી દેખાઇ આવી. વકીલની એક વાત મે સાંભળી લીધી અને તે એ હતી કે 'બહુ જ ચસ્કેલા મગજની અને ગાંડી છે.' એ શબ્દો સાંભળતાં જ મારૂ હ્રદય કંપવા લાગ્યું. તેની એ વાત સાંભ-ળીને તે બન્ને પુરૂષોએ કહ્યું કે;– હા – એ ગાંડી તો છે જ – એમાં કાંઇ શંકા નથી. " એમ કહીને તે બન્નેએ હું ગાંડી છું, એમ બે કાગળોપર લખીને અને પોતાની સહી કરીને તે કાગળો વકીલ સા-હેબને હવાલે કરી દીધા. આટલીવાર સુધી હું જેમને ઇન્સાફ કરનાર સમજતી હતી, તે બન્ને મેજીસ્ટ્રેટ નહિ, પણ પ્રખ્યાત ડોકટરો હતા, અને તેમણે મારી ગાંડાઇને સાબીત કરીને પોતાનું સર્ટિફિકેટ અથ-વા અભિપ્રાયપત્ર લખી આપ્યો હતો. કહેવાનો સારાંશ એટલો જ કે મારા જ વકીલે મારૂં સત્યાનાશ કરી નાંખ્યું, " મનોરમાએ કહ્યું.

" ઠીક, ત્યારે એ વખતે તમને એક ગાંડી સ્ત્રી ઠરાવવામાં આવ્યાં વારૂ પછી ? " કાલીબાબુએ પ્રશ્ન પુછ્યો.

અબળા લુંટાઈ.

" એ પછી મને ડોકટરને ત્યાં કેદ કરવામાં આવી અને ઘણું કરીને તે જ ત્રીજા નંબર વાળી સ્ત્રી મારો પોશાક ધારણ કરી મારા-જ નામથી પોતાને ઓળખાવીને ત્યાં આવી, મારાપર દયા દેખાડવા લાગી તેણે ડોકટરને મારા ખર્ચ માટેના રૂપિયા આપવાનો વાયદો કર્યો. અને ડોકટરને કહ્યું કે, " આ બાઇને કાંઇ પણ દુઃખ થવા દેવું નહિ." એમ કહીને જાણે તે મને જાણતી જ નહોય અને મારી આવી દુર્દશાને દેખીને મારાપર દયા તથા ઉપકાર જ કરતી હોયની, એવો ભાવ તે દેખાડવા લાગી તે વખતે તેને જોનારના મનમાં એવાજ ભાવો આવવા માડયા હતા કે, એ કોઇ સ્વર્ગમાંથી ઉતરી આવેલી દેવી છે અને ગરીબ તથા દુઃખી જનોપર એ દયા જ કરતી ફરે છે. એ સ્ત્રીને જોઇને બધા હેબતાઇ ગયા અને તેના એ દંભને જોઇને બધા મને એમજ કહેવા લાગ્યા કે,—" આ સ્ત્રી ગાંડી નથી, પણ દગાબાજ છે, અને બીજાનું નામ ધારણ કરીને પારકા માલને પોતાનો કરવાનો ફંદો જ એણે રચ્યો હતો, માટે એને આવી હાલ-તમાં રાખવી એજ વધારે સારૂં છે." તેમની એ વાતોથી મને વિશ્વમાં અન્યાય દેખાવા લાગ્યો, મનોરમાએ નિશ્વાસ નાંખીને કહ્યું

" તે વખતે તમે એની કાંઇ પણ સાબેતી આપી ન શકયા કે તમારો સદાનો નિવાસ આનંદ કુટીરમાં જ હતો અને એ બધું માલ મિલ્કતના માલેક તમેજ છો!" ડિટેકિટવ બાબુએ સવાલ પૂછ્યો.

"સાબેતીઓ તો મારી પાસે ઘણી એ હતી અને હું તેમની વિશે દરેક રીતે ખાત્રી કરાવી શકું એમ હતું, પણ મારૂં તેમણે

પણ સાંભળ્યું જ નહિ એટલે એનો શો ઉપાય મેં છેલ્લે એમ કહ્યું કે, અમારી હવેલીમાં એક ચોર કોટડી છે, તેને કોઇ પણ જાણતું નથી અને તે એટલે સુધી કે નંબર ત્રીજાવાળીને પણ એના માર્ગની જાણ નથી. માત્ર હું જ એ ઓરડીનો રસ્તો બતાવી શકું એમ છે. મારે આનંદ કુટીરની સ્વામિની હું જ છું." મનોરમાએ નિરાશા બતાવીને કહ્યું.

"તોપણ તેમણે તમારી વાત ન માની અને તમને ગાંડી ગાંડી જ કહેવા લાગ્યા કે ?" કાલીબાબુએ કહ્યું.

"મારૂં કહ્યું પણ ન માન્યું, એથી હું બહુ જ વ્યાકુળ બની ગઇ અને મારૂં સર્વસ્વ લૂંટાઇ જવાથી મારી દશા ખરેખરી ગાંડી જેવી બની ગઇ. મારા પિતાએ પરસેવો ટપકાવીને પોતાના જીવનકાળમાં કમાણી કરી જે કાંઇ એકઠું કર્યું હતું, તે બધું એક અજાણી રાંડ અન્યાયથી પોતાના હાથમાં કરી લે, એ મારાથી જોઇ શકાતું નહોતું અને ન જોઇ શકાય એ સ્વાભાવિક જ હતું, હું જો કે બધી રીતે ગભરાઇ અને મૂંઝાઇ ગઇ હતી, પરંતુ બિલકુલ નિરાશ તો થઇ નહોતી જ. કોઇ ને કોઇ દિવસે પણ પાપનો એ ઘડો જરૂર ફુટવાનો જ, એવો મારા મનમાં દૃઢ વિશ્વાસ હતો. અત્યારે હવે સંયોગવશ ડોકટરના હાથમાંથી છૂટીને હું આપના શરણે આવી પડી છું. આપના નામનો જયનાદ ઘણા દિવસથી મારા સાંભળવામાં આવ્યા કરતો હતો અને ઘણા લોકોના મુખથી મેં આપની પ્રશંશા સાંભળી હતી. આખા બંગાળમાં આપના જેવો અને આપની બરાબરી કરી શકે એવો બીજો એક ડિટેકિટવ નથી એ પણ હું સારી

રીતે જાણું છું. માટે મારો આ આફતમાંથી છૂટકારો કરીને મને મારી મિલ્કત અપાવવાની હામ ભીડે એવો બીજો આપના વિના કોઇ પણ પુરૂષ હું જોતી નથી, " મનોરમાએ કાલી બાબુના ગુણ ગાયાં.

" ચિન્તા નહિ તમારી વિપત્તિને ટાળવા માટે હું મારો જીવ જાય ત્યાં સુધી મારાથી બની શકતા બધા પ્રયત્નો કરીશ, " કાલી બાબુએ તે નિરાશ અને લૂંટાયલી અબળાને આશ્વાસન આપતાં કહ્યું.

" બાબુજી ! આપનાં આ વચનોથી મારા મનમાં બહુ જ વિશ્વાસ બંધાય છે આપના આ આશ્વાસનથી મારા મનમાં આનંદનો જે ઉમળકો આવે છે, તેનુ વર્ણન અત્યારે હું કરી શકતી નથી, " મનોરમાએ ગદ્ગદિત સ્વરથી એ વાક્યો ઉચ્ચાર્યાં.

" જો તમે ધારો તે કરી શકો એમ છે, " બાબુએ કહ્યું.

" આપ જ ત્યારે જણાવો કે, હું એમ કરીને બતાવી શકું એમ છે ? " આશ્ચર્યથી મનોરમાએ સવાલ કર્યો.

" એવી રીતે કે, હુ જે કહું તેના સારા કે નઠારાપણાનો વિચાર કર્યાં વિના જ તેને ખોટુ માની લ્યો, " કાલીબાબુએ માર્મિકતાથી કહ્યું.

" બહુ સારૂં. આ પળે જ:હું એમ કરવાની પ્રતિજ્ઞા લઉં છુ. આપ જેમ કહેશો તેમ કરવાને હું હાથ જોડીને તૈયાર રહીશ, ' " મનોરમા બોલી.

કપિલા.

" વારૂ, મારે તમને હજી પણ બીજા કેટલાક સવાલો પૂછવાના છે. નંબર ત્રીજાની સ્ત્રીનો વિવાહ થયો છે કે નહિ ? " બાબુએ પૂછ્યું

" ત્રણ વર્ષ પૂર્વે તો એ કુમારિકા જ હતી. પણ અત્યારે તે એમની એમ જ છે કે ધણીવાળી થઇ છે, એ વાત મારા જાણવામાં નથી, " મનોરમાએ ઉત્તર આપ્યો.

" અને તમારી બ્હેન કપિલા" કાલીબાબુએ બીજો પ્રશ્ન પૂછ્યો,

" તેનો વિવાહ નથી થયો " મનોરમાએ જવાબ આપ્યો.

" તમારાં માબાપ સાથે તમારાં માસી અને માસાને કોઇ વાર ટંટો બખેડો થયો હતો ખરો કે ? " કાલીબાબુએ પ્રશ્ન કર્યો.

" એ વૃત્તાંત પણ આપને હુ સક્ષેપમા કહી સંભળાવીશ " મનોરમાએ ઉત્તર આપ્યો.

"હા—કહી જાઓ. કારણ કે, એ બધી વાતો મારે અત્યારથી જ જાણી લેવી જોઇએજ." મનોરમાએ નીચે પ્રમાણેનો વૃત્તાંત કહેવા માડયો:—

" મારા પિતા ધનવાન્ પુરૂપ હતા, અને કપિલાનો પિતા જે મારો માસો થાય તે બહુજ નિર્ધન અને કંગાલ મનુષ્ય હતો. કપિલાની માતા મારી માતાની સગી બ્હેન હતી જ્યા સુધી મારી માતા જીવતી હતી, ત્યા સુધી મારી માસી પણ આનંદ કુટીરમાં અમારે ત્યાં જ પોતાનો સમય વીતાડતી હતી. જે વેળાએ મારી માસી અમારા ઘરમાં વસતી હતી, તે વેળાએ મારી અને કપિલાની વય લગભગ આઠ નવ વર્ષની જ હતી."

" તે વેળાએ તમારા રંગ રૂપમાં કોઇ જાતનો તફાવત નહોતો !" વચમા જ કાલીબાબુએ શંકા પડવાથી સવાલ કર્યો.

" જી, નહિ, અમારા રંગ રૂપમાં કોઇ પ્રકારની ભિન્નતા હતીજ

નહિ, મારી માસી પોતે પણ અમને બરાબર ઓળખી શકતી ન હોતી. એટલા માટે તે નિત્ય મારા કપાળમાં કંકુનો ચાંલ્લો કરી મૂકતી હતી જે વેળાએ અમે બન્ને બ્હેનો એક જાતના પોશાકમાં સજ્જ થતી હતી, તે વેળાએ નોકર ચાકર બિચારા બહુ જ ગભરાટમાં પડી જતા હતા," મનોરમાએ જવાબ આપ્યો.

"એક જ જાતનો પોશાક પ્હેરવાની વધારે ઇચ્છા કોને થતી હતી? તમને કે કપિલાને?' કાશી બાબુએ એક ઉંડો સવાલ પૂછ્યો.

"કપિલાના મનમાં એક સરખો પોશાક પ્હેરીને ફરવાની બહુ જ ઇચ્છા થયા કરતી હતી તે હમેશ મારો જામો જ પહેર્યાં કરતી હતી, અને કોઇ કોઇ વાર મારા પોશાક જેવો પોતાનો પોશાક પણ તૈયાર કરાવતી હતી," મનોરમાએ સ્પષ્ટીકરણ કર્યું.

"તેને એમ કરવાનુ કારણ શુ હતું વારુ?" કાશીબાબુએ પૂછ્યું.

"કપિલા બહુ જ વિનોદી સ્વભાવની બાળા હતી અને તે એટલે સુધી કે વિનોદ કરવા વિના એક ક્ષણ માત્ર પણ રહી શકતી નહોતી અર્થાત્ તે નોકરો સાથે પણ ઠઠ્ઠા મશ્કરી કર્યા કરતી હતી, અને મારા જેવો પોશાક પ્હેરી નોકરોને ભૂલાવામાં નાખીને હમેશ તેમને બનાવતી હતી. તેમને મારા જેવા જ હુકમ ફરમાવતી હતી અને નોકરોને પોતાનો હુકમ ઉઠાવતા જોઇને મનમાં આનંદ માનતી હતી"

"ઠીક, આ બાબતમાં પણ અવશ્ય કાંઇ પેચ હોય એમ જણાય છે. એનો કેટલોક ભેદ મારા સમજવામાં આવી ગયો છે. જે મરણશરણ થઇ છે, તે નબર ત્રીજાવાળી અજ્ઞાત યુવતી જ છે,

અને અત્યારે જે આપની માલ મિલ્કતનો ઉપભોગ કરતી બેઠેલી જોવામાં આવે છે, તે બીજી કોઇ નહિ પણ નંબર બીજાવાળી તમારી માસીની દીકરી બ્હેન જ છે," એમ કહીને ડિટેક્ટિવ કાલીબાબુ વિચારમાં પડયો.

જાદુઈ વીંટી.

મનોરમા આગળ વધીને કહેવા લાગી કે;—માત્ર મારા પિતા જ અમને બરાબર ઓળખી શકતા હતા. તેઓ કહેતા હતા કે, અમો બન્નેની મુખમુદ્રામાં જે કેટલોક તફાવત રહેલો છે, તેને માત્ર તે જ જાણી શકે છે." એમ કહીને મનોરમા કેટલીક વાર સુધી ચૂપ થઇને બેસી રહી અને ગંભીર વિચારમાં તે પડી ગઇ હોયની એવો ભાસ થવા લાગ્યો. થોડી વાર થોભીને તે બોલવા લાગી કે;—,, એક દિવસ મારા પિતાએ મને એકાંતમાં બોલાવીને ખાનગી રીતે કહ્યું કે,—કપિલા જે આવો વિનોદ કરે છે, તે સારો નથી આજ મેં એક એવી યુકિત શોધી કાઢી છે કે, જેથી આ બધો તને સોસવો પડતો ત્રાસ એકદમ ટળી જશે. તે યુકિત એ છે કે, આ વીંટી જ્યારે પણ તું નોકરને કાંઇ હુકમ કરે ત્યારે તેમને બતાવી દેજે. નોકરોને મેં એ વાતનો ઇશારો આપી મૂકયો છે, એટલે તને ઓળખીને તરત તેઓ તારી આજ્ઞા માન્ય કરશે. આ વીંટી વિના જે કોઇ પણ તેમના પર હુકમ ચલાવશે, તેમનો હુકમ માનવાને તેઓ બંધાયલા નથી. તું આ વીંટીને તારા ડાબા હાથની આંગળીમાં હંમેશા પહેરી રાખજે. એટલું કહીને મારા પિતાએ તે વીંટી મારી આંગળીએ ચઢાવી દીધી. એ સુવર્ણ મુદ્રિકામાં વેલ પાંદડાની

અદ્વિતીય કારીગરી કરેલી હતી અને અમારો નોકર રામણલાલ જે ઠગાયો, તે માત્ર એ મુદ્રિકાને લીધે જ."

"તમારી આ વાતથી સાફ જણાઇ આવે છે કે, એ વીંટીને તમે ખોઇ બેઠાં છો," કાલીબાબુએ કહ્યું.

"ખરી વાત છે. એ વીંટીને ખરેખર હું ખોઇ બેઠી છું."

'કેવી રીતે ખોઇ વારૂ? કાલીબાબુએ પ્રશ્ન કર્યો.

"એ હું જાણતી નથી કે, કેવી રીતે વીંટી ખોવાઇ! મારા જાણતાં તો એ ચોરાઇ નથી. એટલે કલ્પના કરી શકાય છે કે, વખતે ઉંઘમાં કોઇએ તે મારી આંગળીએથી કાઢી લીધી હશે," મનોરમાએ ઉત્તર આપ્યો.

"ઠીક-પણ તે વીંટી કેવી હતી?" કાલીબાબુએ પૂછ્યું.

"તે વીટી સોનાની હતી અને તેના ઉપર વેલબુટાનું નકસી કામ ઘણી જ સફાઇથી કરવામાં આવેલું હતુ. વચ્ચે બે ત્રણ હીરાની કણીઓ જડેલી હતી અને હીરાકણીની વચ્ચે એક પાનું બેસાડેલું હતુ. એ પાનામાં 'ઓમ્' લખેલો હતો. જ્યારે મારા પિતાએ એ વીંટી મારી આંગળીએ પહેરાવી, ત્યારે તેમણે એમ કહ્યું હતું કે આ વીંટીમાં એક એવો ગુણ રહેલો છે કે, એ જેના હાથમાં હશે, તે મનુષ્ય અથવા સ્ત્રી મારી સંપત્તિના અધિકારી થશે, તેમ જ જે કોઇ પણ આ વીટીને એક વાર પહેરીને પાછી કાઢી નાંખશે, તેની આપત્તિ અને વિપત્તિઓની સીમા રહેશે નહિ," મનોરમાએ એક દીર્ઘ નિશ્વાસ નાંખીને કહ્યું.

"ખરેખર તમારી અત્યારની દુર્દશાને દેખીને તમારા પિતાની

એ ભવિષ્યવાણી બરાબર ખરી પડેલી જોવામાં આવે છે," કાલી-બાબુએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

મનોરમા આગળ વધીને કહેવા લાગી કે—" મારા પિતા કેટલાંક વર્ષ પહેલાં દ્રાવિડ દેશમા ગયા હતા અને ત્યાંના એક જ્યોતિષીએ એ મુદ્રિકા તેમને આપી હતી. એ મુદ્રિકાની વાત પિતાજીને અનેક વાર પૂછી હતી, પણ તેમણે એનો ભેદ મને જણાવ્યો નહોતો. એ વીંટી મારા હાથમા આવ્યા પછી કપિલાએ જાણી લીધું કે, અમારા બન્નેમાં કાઇ ભેદ અવશ્ય આવી પડેલો છે અને એને લીધે જ નોકરો તેના હુકમને માન આપતા નથી. એ ભેદને જાણી લેવા માટે તેણે અનેક પ્રયત્નો કર્યા, પરંતુ કોઇ પણ રીતે એ ભેદ તેના જાણવામાં આવી શકયો જ નહિ. મારી માતાના મરણ પછી મારા પિતા મને દિલ્લી લઇ ગયા અને તે સમયે પણ કપિલા પોતાની માતા સાથે આનન્દ કુટીરમાં જ રહેતી હતી પિતા સાથે દિલ્લીમાં લગભગ બે એ વર્ષ જેટલો સમય વીતાડયો. હું જાણું છું કે, મારી ગેરહાજરીમાં વીંટીનો બધો ભેદ કપિલાએ નોકરો પાસેથી કઢાવી લીધો હતો. ઘરમાં અંદરનો શો ઝગડો થયો હતો એ હું જો કે બરાબર જાણુતી નથી, પણ પરિણામ એ જોવામા આવ્યું કે, દિલ્લી અમારા આવ્યા પછી એક વર્ષ મારા પિતાએ મારી માસીને બાળબચ્ચાં સહિત આનન્દ કુટિરને છોડી જવા માટેની આજ્ઞા કરી દીધી. મારા પિતા ઘણા જ ગરમ મિજાજના માણસ હતા, એટલે એક વાર જે વાત તેમના મોઢામાથી નીકળી, તેને ફેરવી શકવાની કોઇનામાં પણ શક્તિ હતી નહિ. જ્યારે મારા માસા માસી અને કપિલા આ-

નંદ કુટીર ને છોડીને ચાલ્યા ગયાં હતાં ત્યારે બ્હેનના સમાગમ વિના મને બહુ જ ઉદાસીનતા લાગવા માંડી. પરંતુ શું કરૂં ? હું નિરૂપાય હતી. એ દિવસથી જ કપિલા અને મારા એકત્ર નિવાસનો અંત આવી ગયો એ બનાવ બન્યા પછી બે વર્ષ કપિલાના પિતાનો દેહાન્ત થઇ ગયો અને મારા પિતાના મરણથી થોડાક દિવસ પહેલાં કપિલાની માતા પણ મરણ પામી હતી ”

બે બ્હેન.

“પણ આમ જોતજોતામાં તમને તમારા મકાનમાંથી દૂર કરી દેવામાં આવ્યા અને માલ મિલ્કત બીજાના હાથમાં ગઇ, એ બધું કેમ બન્યું ? મિલ્કત પણ થોડી ઘણી નહિ કિન્તુ બે અઢી લાખની છે. એ મિલ્કતને આમ એકાએક તમે ખોઇ કેમ બેઠાં કાલી-બાબુએ પ્રશ્ન કર્યો.

“શત્રુઓએ બહુ જ સરળતા અને સુગમતાથી મને મારા ગૃહથી અને ધનથી ખસેડીને દૂર કરી નાંખી. એ વૃતાંત તો વળી બહુ જ આશ્ચર્યકારક છે. બનાવ એવો બન્યો કે, શાહનગરમાંના અમારા એક સગાને ત્યાં વિવાહનો પ્રસંગ હતો અને મને આમંત્રણ હતું એટલે હું ત્યાં ગઈ હતી—”

“વારૂ, જરા થોભો અને એ વાતનો જવાબ આપો કે, એ વખતે તમારી બ્હેન કપિલા ત્યાં હતી ખરી કે નહિ?” કાલીબાબુએ મનો-રમાને વચ્ચે જ બોલતી અટકાવીને સવાલ કર્યો.

“તે સમયે તે ક્યાં હતી, એ વિશે હું કશું પણ જાણતી નથી. તેનું ઘર ચેતલા ગોપાલનગરમાં આવેલું છે. પરંતુ તેને આમંત્રણ

આપવામાં આવ્યું હતુ કે નહિ, એની મને ખબર નથી." મનોરમાએ જવાબ આપ્યો.

"જેને ઘેર તમે વિવાહમાં ગયાં હતાં, તેની સ્થિતિ કેવી છે કાળી બાબુએ પ્રશ્ન કર્યો.

"તે એક બહુ મોટા માણસ છે. તેમને ત્યાં માત્ર હું જ એક લી ગઇ હતી એમ નહોતું. મારા જેવા બીજા પણ ઘણા મેહમાન આવ્યા હતા. જે દિવસે તેમને ત્યાં વરઘોડાની ધામધુમ થવાની હતી તે દિવસે જ એક માણસે આવીને એક ચીઠી મારા હાથમાં આપી. એ ચીઠીમાં એમ લખેલુ હતું કે, તમારા પિતાનો એક જુનો નોકર બહુ જ બીમાર છે ને તેનો બચવાનો ભરોંસો નથી. તે મરણ પામ્યા પહેલાં એક વાર તમારા દર્શન કરવાની ઇચ્છા ધરાવે છે.' એ ચીઠી વાંચીને વધારે વાર મારાથી ત્યાં રહી શકાયુ નહિ. એટલે તે દિવસે જ તે ચીઠી લાવનાર માણુસ સાથે જ મારા પિતાના મરણપથારીએ પડેલા નોકરને જોવા માટે હું ચાલી નીકળી," મનોરમાએ ખુલાસો કર્યો.

"તે જ દિવસે તમે ત્યાંથી પાછા ફરી ન શકયાં, ખરૂં ને?" કાલુબાબુએ વચ્ચે પેચવાળો પ્રશ્ન કર્યો.

"જી. ના. મેં ત્યાં જઇને જોયું તો તે નોકરની હાલત બહુ જ ખરાબ થઇ ગએલી મારા જોવામાં આવી; એટલે તેના આગ્રહને વશ થઇને તે રાત્રે હું ત્યાં જ રહી ગઇ અને બીજે દિવસે શાહનગરમાં પાછી આવી," મનોરમાએ કહ્યું.

"તમે એકલાં બેલતલામાં ગયાં હતાં કે?" કાલીબાબુએ પૂછયું.

"જી, હા." મનોરમાએ જવાબ આપ્યો.

"અરે રે-બહુ જ ગજબ થઇ ગયો ને શું!" કાલુબાબુએ ઉદ્દગાર કાઢ્યો.

"ખરૂં છે-બાબુજી! એ ગજબ થઇ જવાથી જ આજે હું આમ એક ભીખારણના અવતારમાં આવી પડી છું અને ઘર ઘર રખડતી ફરૂં છુ. જે વેળાએ હું શાહનગરમાં પાછી આવી, તે વેળાએ બપોરના ત્રણ વાગી ગયા હતા. આવતાં વેંત જ ઉતારા માટે જે ઓરડો મને આપવામાં આવ્યો હતો તે ઓરડામાં જ કોઇને પૂછ્યા ગાછ્યા વિના સીધી હું ચાલી ગઇ, કારણ કે પ્રથમ મારી દાસીને મળવાનો અને તેને કાંઇક કહેવાનો મારો વિચાર હતો." એટલું કહીને મનોરમાએ એક દીર્ઘ નિશ્વાસ નાંખ્યો.

"પછી ત્યાં તમારી તે દાસીનો મેળાપ થયો કે નહિ?" કાલી બાબુએ ઝડપી સવાલ રજુ કર્યો.

"દાસીનો મેળાપ થવાને બદલે ત્યાં એક અજબ જાદૂગરી મારી દૃષ્ટિએ પડી. ત્યાં એક કોઇ મોટા માણસની અણજાણી છોકરી આવીને ઉતરેલી મારા જોવામાં આવી. મારા મનમાં એવો વિચાર આવ્યો કે ભૂલથી કદાચિત્ હું બીજા ઓરડામાં ચાલી આવી હઇશ અને જેથી હું તરત જ પાછી બહાર નીકળી આવી. પણ બહાર આવતાં જ મારો સંદેહ દૂર થઇ ગયો, કારણકે જે ઓરડામાં મારો ઉતારો હતો, તેના દરવાજાપર બહારના ભાગમાં શ્રી કૃષ્ણની એક છબી લટકાવેલી હતી. તે એ વખતે પણ લટકતી દેખાઇ. એ છબીને જોતાં જ હું ઠંડીગાર બની ગઇ અને મનમાં વિચાર કરવા લાગી કે, 'મારી દાસી બધો સરસામાન લઇને ઘેર ચાલી ગ-

ચેલી હોવી જોઇએ. હું વરઘોડાવાળી રાતે પાછી ન આવી એટલે-તેણે કદાચિત્ એમ ધાર્યું હશે કે, હું બેલતલાથી બહારો બહાર જ ખિદિરપુર તરફ ચાલી નીકળી હોઇશ.' એ પછી જ્યારે હું ઘરના માલેકને મળી, તો તેમણે તો મને ઓળખી જ નહિ અને વધારામાં જણાવ્યું કે. મનોરમા તો તે જ સાંજે બેલતલાથી પાછી આવી હતી અને પોતાને જરૂરનું કાંઇ કામ છે એમ કહી પાલખી મંગાવી પોતાનો સરસામાન ઉઠાવીને ખિદિરપુર તરફ રવાના થઇ ગઇ હતી.' આ વાતે મને મૂર્છિત બનાવી દીધી." મનોરમાએ આશ્ચર્ય અને ભયના મિશ્રિત ભાવથી કહ્યું.

"એથી તમે તો બહુ જ ચક્કરમાં પડી ગયાં હશો, કેમ નહિ?" કાલીબાબુએ પૂછ્યું.

"હું એવા ચક્કરમાં પડી ગઇ કે મારા મનમાં તે વખતે શુ શું થઇ આવ્યું અને કેવો આઘાત થયો, એ મારાથી વર્ણવી શકાય તેમ નથી જ," મનોરમા બોલી.

"ત્યાર પછી તમે શુ કર્યું?" કાલીબાબુએ પ્રશ્ન કર્યો.

"હું ગુસ્સામાં ને ગુસ્સામા એકદમ ખિદિરપુર જઇ પહોચી,"

"ત્યાં જઇને તમે એમ જ જોયું ને કે કપિલા પોતે મનોરમા બની બેઠી હતી?" અનુમાનથી બાબુજીએ ભવિષ્યવાણી કહી.

"જી હા, બાબુ સાહેબ! બરાબર એ પ્રમાણેનો જ બનાવ બનેલો ત્યાં મારા જોવામાં આવ્યો."

"વારુ, તમને આનંદ કુટીરમાં જવા દીધાં કે નહિ? ત્યાં પ્રથમ તમારી કોની સાથે મુલાકાત થઇ, એ જણાવો.

" પ્રથમ જ મને રામગુલામ મળ્યો. બાલ્યાવસ્થાથી જ તે કપિલાને ધિક્કારની દૃષ્ટિથી જોતો હતો. એ સમયે મને તેણે કપિલા જ માની લીધી અને તેથી-કપિલાના નામથી જ બોલીને તેણે મને કહ્યું કે, 'તારી કાંઇ પણ વાત હું સાંભળવાનો જ નથી. કારણ કે, મારી સ્વામિનીની મને એવી આજ્ઞા છે. એટલે હું તેને મારી કરાંગુલીમાંની મુદ્રિકા દેખાડવા જતી હતી, પણ મારૂં બધું ભાન જતુ રહ્યું. આંગળી ખાલી હતી કોણ જાણે કોણે મારી વીંટી ચોરી લીધી હતી, " મનોરમાએ ઉત્તર આપ્યો.

" એથી આગળ તો કોઇ વાર એ વીંટી ક્યાંય તમે રાખીને ભૂલી ગયા નહોતાં ને ? કાલીબાબુએ સવાલ કર્યો.

" નહિ. " મનોરમાએ જવાબ આપ્યો.

" ત્યારે કપિલાને તમે મળવા માટે બહાર બોલાવી કે? કાલીબાબુએ મૂછોપર હાથ ફેરવતાં પ્રશ્ન કર્યો.

" જી નહિ, પણ હું પોતેજ તેને મળવા માટે અંદર મહેલ તરફ ચાલી, એટલામાં રામગુલામે આવીને મને અટકાવી દીધી અને કહ્યું કે, 'અંદર જવા દેવાનો મને હુકમ નથી,' એ વચન સાંભળીને લજ્જા અને ગ્લાનિથી હું બેભાન જેવી બની ગઇ અને તે વેળાએ મે શું કર્યું અને શું ન કર્યું, એનું અત્યારે મને જરા પણ સ્મરણ નથી. "

" વારૂ, એ વખતે કપિલાએ તમારી મુલાકાત લીધી હતી કે?"

" જી નહિ. મારી મુલાકાત લેવાની તેણે સાફ ના પાડી દીધી."

" ત્યાર પછી તમે શું કર્યું ? "

" રામગુલામ સાથે કેટલીક કારણ વિનાની તકરાર કરી "

નોરમાએ કોપનો ભાવ દર્શાવીને કહ્યું.

" તમે પોતે જ મનોરમા અને તેની સ્વામિની છો, એ વાત પણ રીતે તમે તેના ગળામાં ઉતારી ન શક્યાં કે?" કાલીબાબુએ ક

" ના એ મારાથી બની ન શક્યું ?" મનોરમા બોલી.

" વારૂ, રામગુલામે શું કહ્યું અને શું કર્યું ?"

" પ્રથમ તો મારી બધી વાતો તેણે એક ધ્યાનથી સાંભળી પછી બહુજ ક્રોધાયમાન થઇને કહેવા લાગ્યો કે—કપિલા ! તું આ રીતે કરીને મારા હાથમાંથી છટકી જવાનીજ નથી.—મેં મનોરમ મોઢે સાંભળ્યું છે કે, તું પોતાને મનોરમાના નામથી ઓળખાવ. લોકોને ચાલાકીથી ઠગતી ફરે છે. એ તારી ચાલાકી મારી પાસે ચ લનાર નથી. જા તુ તારો રસ્તો લે તને અંદર પ્રવેશ કરવા દેવાની પરવાનગી નથી. તેના આવા શબ્દો સાંભળીને હું બહુજ વ્યાકુળ થઇ ગઇ અને ગાંડી બની ગઇ, શું કરૂં ? લાચાર !—નંબર ત્રીજાવાળી કે પછી નંબર બીજા વાળી કપિલાને સઘળી માલ મિલકત અને રાજ્યપાટ સોંપી દઇને વિલે મોઢે પાછી ચાલી આવી," મનોરમાએ બધી બીના જણાવી.